દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
સોમવાર ૮ જાન્યુઆરી, ૨૦૨૪

# વિપક્ષો નું ગઠબંધન, લગન પહેલા જ છૂટાછેડા થઈ જાય તેવી સ્થિતિ

આ વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે, જેને અનુસંધાને ભાજપ અને વિપક્ષનાં દળો એમ બંને મોરચે જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ હોય એવો માહોલ સર્જાયો છે. દેશની ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી કોંગ્રેસ સહિતના વિપક્ષો 'ભાજપ અને નરેન્દ્ર મોદી'ને પડકારવા માટે બેંગાલુરુ ખાતે મળેલી વિપક્ષની બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી માટે વિપક્ષનાં દળોના ગઠબંધન - ઇન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્ક્લુસિવ એલાયન્સ એટલે કે INDIAની જાહેરાત કરી હતી. સામેની બાજુએ ભાજપે પણ પોતાનાં NDAનાં સાથી દળોનું સમર્થન સુનિશ્ચિત કરવા માટે દિલ્હીમાં બેઠક યોજી હતી. ભાજપ અને સાથી દળો તેમજ કોંગ્રેસ અને વિપક્ષનાં દળોએ બંને બાજુના પ્રયાસોને લઈને શાબ્દિક પ્રહાર પણ કર્યા હતા. વિપક્ષ અને પક્ષોની બેઠકો સાથે જ દેશમાં ચૂંટણીની તૈયારીનું બ્યુગલ ફૂંકાઈ ગયું છે એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ વિપક્ષનાં દળોના નવા ગઠબંધનને લઈને હાલ કેટલાક પ્રશ્નો પણ જોવા મળી રહ્યા છે. જેમ કે, આ નવું ગઠબંધન શું છે? તેમાં કોણ-કોણ સામેલ છે? આખરે આ ગઠબંધનનો ચહેરો કોણ હશે? વગેરે.

જો કે આ સંઘ કાશી પહોંચે એવું લાગતું નથી. બંગાળમાં કોંગ્રેસ અને ટીએમસી વચ્ચે મતભેદ છે. આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે મતભેદ છે. યુપીમાં પણ આવી જ સ્થિતિ છે. અહીં કોંગ્રેસ અને સપા વચ્ચે મતભેદ ઓછા થઇ રહ્યા નથી. લોકસભાની ચૂંટણીની તારીખો જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ વિપક્ષી ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્ક્લુસિવ એલાયન્સ (આઇ.એન.ડી.આઇ.એ.)ના ઘટક દળો વચ્ચે બેઠકોની વહેંચણીને લઇને ખેંચતાણ તેજ થઈ ગઈ છે. જોકે પાર્ટીઓ વચ્ચેનો અંદરોઅંદરનો ટકરાવ અને રાજ્યોમાં વિરોધના કારણે આ સ્થિતિ ઘણી મુશ્કેલ બની રહી છે. બંગાળમાં કોંગ્રેસ અને ટીએમસી વચ્ચે મતભેદ છે. પંજાબ અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે મતભેદ છે. યુપીમાં પણ આવી જ સ્થિતિ છે. અહીં કોંગ્રેસ અને સપા વચ્ચે મતભેદ ઓછા થઇ રહ્યા નથી. બિહારમાં ઓછું મહત્વ મળવા પર નારાજગી તો બીજી તરફ બિહારમાં જેડીયુ અને આરજેડી વચ્ચે અંતર વધવાના સંકેત મળી રહ્યા છે. ત્યાં નીતિશ અને તેજસ્વી વચ્ચેના વણસતા સંબંધો વચ્ચે કોંગ્રેસ પોતાના માટે કેટલી બેઠકો ઇચ્છે છે તેના પર સહમત થવાની શક્યતા ઓછી છે. ત્યાં કોંગ્રેસને પોતાને ઓછું મહત્વ મળતું દેખાય છે. કોંગ્રેસ પોતાને મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત જેવા અનેક રાજ્યોમાં નેતૃત્વની ભૂમિકામાં જોવા માંગે છે. અન્ય રાજ્યોમાં પણ તે પોતાને ઓછી આંકતી નથી. દક્ષિણ તરફ ઝડપથી વિસ્તરી રહેલી ભાજપનો સામનો કરવા માટે ઇન્ડિયા ગઠબંધન કોઈ મજબૂત તાકાત પેદા કરી શકતું નથી. સૌથી મોટી સમસ્યા કોંગ્રેસના રાષ્ટ્રીય અને રાજ્ય એકમો વચ્ચેના મતભેદની છે. એક તરફ કોંગ્રેસનું રાષ્ટ્રીય નેતૃત્વ ઇન્ડિયા ગઠબંધનમાં એકતાની વાત કરે છે, જ્યારે પ્રદેશ નેતૃત્વની ભાવનાઓ તેનાથી સાવ અલગ દેખાય છે. કેરળમાં કોંગ્રેસનું રાજ્ય એકમ સતત સત્તાધારી સીપીએમ વિરુદ્ધ નિવેદનો આપી રહ્યું છે, જ્યારે કોંગ્રેસ અને સીપીએમ બંને ગઠબંધનનો ભાગ છે. કેબિનેટ મંત્રીઓની સાથે રાજ્યસભાના સાંસદો પણ ચૂંટણી લડે તેમ ભાજપ ઇચ્છે છે પંજાબ અને દિલ્હીમાં આપ વચ્ચે મતભેદ પંજાબમાં કોંગ્રેસનું રાજ્ય એકમ સત્તાધારી આમ આદમી પાર્ટી સાથે કોઇ ગઠબંધન કે બેઠકોની વહેંચણીના પક્ષમાં નથી, ત્યારે પાર્ટીનું હાઇકમાન્ડ બંને પક્ષો સાથે મળીને ચૂંટણી લડે તેવો આગ્રહ રાખી રહ્યું છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટીએ કહ્યું છે કે વિરોધ પક્ષોનો ઇન્ડિયા ગઠબંધનમાં સીટોની વહેંચણી અંગેના તમામ નિર્ણયો સૂર્ય ઉત્તરાયણમાં આવતાની સાથે જ લેવામાં આવશે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે શનિવારે યુપીના બલિયા જિલ્લાના બિસુકિયા ગામમાં મીડિયાના પ્રશ્નોના જવાબ આપતા કહ્યું હતું કે સપા અન્ય પક્ષોના સહયોગથી ખૂબ જ ટૂંક સમયમાં નિર્ણય લેશે. સૂર્યને ઉત્તરાયણમાં આવવા દો. સૂર્યના ઉત્તરાયણમાં આવતાની સાથે જ તમામ નિર્ણયો લેવામાં આવશે. ખુદ સપા યુપીમાં બસપાને પોતાની સાથે લેવાની વિરુદ્ધ છે, જ્યારે રાહુલ ગાંધી સતત બસપાને ગઠબંધનમાં સામેલ કરવાનો આગ્રહ કરી રહ્યા છે. કોંગ્રેસ યુપીમાં 15-20, મહારાષ્ટ્રમાં 16-20 બેઠકો, બિહારમાં 4-8 બેઠકો, પશ્ચિમ બંગાળમાં 6-10 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવા માંગે છે. આ સિવાય તે ઝારખંડની 7, પંજાબની 6, દિલ્હીની 3 સીટ, તમિલનાડુની 8 સીટ, કેરળની 16 સીટ અને જમ્મુ-કાશ્મીરની 2 સીટ પર ચૂંટણી લડવા માંગે છે. જોકે આ તમામ રાજ્યોના પ્રાદેશિક પક્ષો આ વાત સાથે સહમત નહીં થાય. આવી સ્થિતિમાં ટકરાવ વધશે. સ્વાભાવિક છે કે વિપક્ષી દળોની આ મુલાકાત બાદ વડા પ્રધાન મોદી સામે આગામી ચૂંટણીમાં નેતાનો ચહેરો કોણ હશે એ અંગે સવાલ કરાઇ રહ્યા હતા. જોકે, આ અંગે ખડગેએ 'જવાબ આપવાનું ટાળ્યું' હતું. અગાઉ ખડગેએ જણાવ્યું હતું કે, "કોંગ્રેસને વડા પ્રધાનપદ કે સત્તામાં કોઈ રસ નથી." ઘણાને લાગે છે કે વિપક્ષનાં દળોમાં નેતૃત્વ કે વડા પ્રધાનપદ માટે કહેવાતા ઝઘડાને કારણે NDA વિરુદ્ધ પડકાર ઊભો કરવા માગતાં દળોના ગઠબંધનને કમજોર બનાવી શકે છે.સાથે સ આ ચૂંટણીમાં મોદી વિરુદ્ધ મોદીની હશે. એટલે કે મોદી સમર્થકો અને મોદી વિરોધીઓ વચ્ચે હશે. તેઓ હાલ મોદી સામે પોતાના કોઈ નેતાનું નામ નથી સૂચવ્યું. "UPA ગત વખતે 17 પક્ષોને સાથે લાવવાની કોશિશ કરી રહ્યું હતું. આ વખત તેઓ વધુ પક્ષોને સાથે લાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કોંગ્રેસ આ વખત નેતૃત્વના દાવાને લઈને સતર્ક વલણ અપનાવી રહી છે. તેઓ વિપક્ષનાં દળોના નેતૃત્વનો દાવો નથી કરી રહી. તેનું કહેવું છેકે વડા પ્રધાનપદના ઉમેદવારનું નામ પાર્ટીઓ દ્વારા જિતાયેલી બેઠકોના આધાર નક્કી કરાશે." નોંધનીય છે કે INDIAમાં 26 વિપક્ષી દળો ગઠબંધનમાં હશે. આમાં કોંગ્રેસ, ટીએમસી, ડીએમકી, આપ, જદ (યુ) આરજેડી, જેએમએમ, એનસીપી (શરદ પવાર), શિવસેના (યુબીટી), સમાજવાદી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, પીડીપી, સીપીએમ, સીપીઆઇ, આરએલડી, એમડીએમકે, કોંગુનાડુ મક્કલ દેસિયા કાચ્છી (કેએમડીકે), વીસીકે, આરએસપી, સીપીઆઇ-એમએલ (લિબરેશન), ફોરવર્ડ બ્લોક, આઇયુએમએલ, કેરાલા કોંગ્રેસ (જોસેફ), કેરાલા કોંગ્રેસ (મણિ), અપના દળ (કામેરાવાદી) અને મનીથનેયા મક્કલ કાચ્છી (એમએમકે) સામેલ છે.

INDIAની જાહેરાત બાદ વિરોધ પક્ષના નેતાઓએ આ પ્રયાસ અંગે જુદી જુદી પ્રતિક્રિયા આપી હતી. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ NDA દ્વારા સાથી દળોનો સહકાર મેળવવાના પ્રયાસ શરૂ કરાયાની વાતને 'વિરોધપક્ષની વધતી જતી તાકત સામે વડા પ્રધાનના ભયનું' સૂચક ગણાવ્યું હતું.

આટલી કપરી સ્થિતિમાં આ સંઘ કાશી એ પહોંચે એવું લાગતું નથી. કારણ કે જ્યાંથી સત્તા નો રસ્તો પસાર થાય છે તે ઉત્તર પ્રદેશમાં જ તાલમેલ થતો નથી.

# '... ત્યારે લખીશું શું?'- મરક મરક હાસ્ય નિબંધોનો સંગ્રહ

અક્ષરની આરાધના
સંપાદનઃ ધ્વનિલ પારેખ

ગુજરાતી સાહિત્યમાં મહિલાઓ દ્વારા હાસ્યલેખન હવે ઠીક ઠીક પ્રમાણમાં વધ્યું છે. કલ્પના દેસાઇ, નલિની ગણાત્રા, સ્વાતિ મેઢ, મંજુલા ગાડીત વગેરે લેખિકાઓ દ્વારા હાસ્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન જોવા મળે છે. આ શ્રેણીમાં શિલ્પા દેસાઇનું નામ હવે ઉમેરવું પડે '... ત્યારે લખીશું શું?' સંગ્રહમાં હળવી શૈલીમાં લખાયેલા ચિંતનાત્મક નિબંધો છે. બત્રીસ લઘુ હાસ્ય નિબંધોના આ પુસ્તકમાં ખડખડાટ હાસ્ય નથી કે કટાક્ષ પણ એવો તીવ્ર નથી. અહીં મંદ મંદ હાસ્ય છે, જે કયારેક પરિસ્થિતિવશ નીપજે તો કયારેક લેખિકાના એકાદ વિધાનથી નીપજી આવે છે.




'મી ટુ' નિબંધનો ટોન પતિ-પત્ની વચ્ચે થતી વાતચીતનો છે. પતિને સંબોધન કરીને લખાયેલા આ નિબંધમાં પોતાની વાત કરતા જઇને પતિને હળવી રીતે દમદાટી આપવાની કળા પ્રગટ થાય છે. લેખિકાનો ભોજન અને વિવિધ વાનગીઓ પ્રત્યેનો પ્રેમ અછતો રહેતો નથી. 'સેન્ડવિચ V/s ભેળ' અને 'ખીચડી V/s ખમણ ઢોકળાં' હાસ્યનિબંધો એના પુરાવારૂપ છે. જો કે, આ નિબંધોમાંથી હાસ્ય નિબંધનો અનુવાદ બહુ ઓછો થાય છે, પિષ્ટપિષણ વધારે લાગે છે. '... ત્યારે લખીશું શું?' છાપામાંના લેખનપ્રક્રિયાનો અનુભવ અવળવાણીમાં પ્રગટ થયો છે. 'બચ્ચનજી શું બોલે?'માં મોટા માણસ દ્વારા થતો ટોળ આસ્વાદ્ય છે. જો કે, અહીં જે સ્વપ્ન પ્રયુકિતનો વિનિયોગ થયો છે, એ નવો નથી. ખ્યાલ આવી જાય છે. 'એક લડકી કો દેખા તો...' મુલાકાત શૈલીમાં છે. આ સીધી સાદી મુલાકાત છે પણ મંદ મંદ હાસ્યનો અનુભવ કરાવે છે. 'કડક મીઠી બાદશાહી 'ચા'માં ચાહપુરાણ હળવી શૈલીમાં પ્રગટ થાય છે. 'કાળજો કેરો કટકો મારો'ની શૈલી જરા રસપ્રદ છે. વાત સ્કુટરની કરવામાં આવે છે, એ રહસ્ય સુધી લેખિકાનું લેખન જિજ્ઞાસા અકબંધ રાખે છે. 'ચાલો... ચાલો... ચાલો...' ચાલવા સંદર્ભે થતી ક્રિયાઓનું માત્ર વર્ણન બની રહે છે, નિબંધનો અનુભવ થતો નથી. એ જ રીતે 'જાન હૈ તો જહાન હૈ...' જિમના અનુભવોનું માત્ર વર્ણન બની રહે છે. 'ઢીંચાક પૂજા' પ્રશ્નોત્તરી શૈલીમાં લખાયેલો જરા જુદો પડતો હાસ્યનિબંધ છે. 'નસકોરાં-ઊંઘ.. બડે આરામ સે...'નસકોરાં વિશેનું હળવું ચિંતન પ્રગટાવે છે.

'કોંખારો' અંતે સુવિચાર જેવા સ્ટીક હાસ્યનાં વિધાનો છે. જેમકે, 'બહારગામ જઇને ય જે તાજગીને બદલે મુશ્કેલીઓનો જ વિચાર કરતાં હોય એ લોકો ખરા અર્થમાં Suffer-જન છે.' (169), 'મહાભારતના મુદ્દા વખતે ગાંધારીએ દુર્યોધનને દહીં-ખાંડ નહીં ખવડાવ્યાં હોય!' (170) આ નિબંધોમાં ખડખડાટ હાસ્ય નથી. પાત્ર અને પરિસ્થિતિ સંદર્ભે ચિંતન પ્રગટાવ્યું છે. અલબત્ત હળવી શૈલીમાં પ્રથમ પુરુષ બહુવચનની શૈલીનો લેખિકાએ વિનિયોગ કર્યો છે, જે પણ હાસ્ય પ્રગટાવવા માટે નિમિત્ત બની રહે છે. આ લેખો અખબારની કોલમ રૂપે લખાયા હોવાથી કયારેક એ અચાનક જ ખતમ થઇ જાય છે એવો અનુભવ પણ થાય છે. અખબારમાં સ્થળ મર્યાદાને કારણે લેખિકાએ ટૂંકમાં પતાવ્યું છે.

'યૂ સી' લેખિકાનો તકિયા કલામ હોય એમ મોટા ભાગના નિબંધોમાં હાજર છે. લેખિકા કયારેક એક વિદ્વાન દ્વારા પણ હાસ્ય નીપજાવી શકે છે. જેમકે અમિતાભ બચ્ચનની મુલાકાત વખતે નાસ્તાનો ડબ્બો ધરીને કહે છે, 'અભી ઇસમેં સે ચાખો, બાકી કા ભી રાખો...' (અહીં પ્રાસની મજા છે. 47)' બાળપણમાં યાદશકિત વધારવા માટે શંખ પુષ્પીને બદલે ડંખપુષ્પી પીધી હોય એમ ડંખીલું જ બોલે.' (126). આમ પ્રાસ દ્વારા લેખિકાએ હાસ્ય નિપજાવ્યું છે તો કેટલાક નવા શબ્દો દ્વારા પણ એ પ્રયત્ન થયો છે. 'જેઠાલાલવેડા' (21), 'ભેળોત્સવ' (27), 'ઢોકળાગ્રહ ને ખમણાગ્રહ' (78), 'ચરબીસમુદ્ર' (84), 'જિમવાંચ્છું વગેરે.

'સ્વકીય મુદ્રાવાળી હાસ્યરચનાઓ' કહીને જાણીતા હાસ્યસર્જક રતિલાલ બોરીસાગરે પ્રસ્તાવના લખી છે. આ લેખોની વિશેષતા બતાવતા રતિલાલ બોરીસાગર લખે છે, 'શિલ્પાબહેનની આ હાસ્યરચનાઓનું ગોત્ર શોધવું હોય તો રમણભાઇ નીલકંઠ કે જ્યોતીન્દ્ર દવેના હાસ્ય નિબંધોમાં ન જડે, એમની હાસ્યરચનાઓ 'સ્વૈરવિહારી' (રા.વિ. પાઠક)ના ગોત્રની છે. 'સ્વૈરવિહારી'ના નિબંધો જેવો સ્વૈરવિહાર આ નિબંધોમાં દેખાય છે. એટલે જ આ નિબંધો ખડખડાટ હાસ્યના નથી, પણ વાચકો સતત મરક મરક હસતાં રહે એ પ્રકારના આ હાસ્ય નિબંધો છે.' (પા. 10) હાસ્યનિબંધ ક્ષેત્રે લેખિકા શિલ્પા દેસાઇનું સ્વાગત છે. **(... ત્યારે લખીશું શું? શિલ્પા દેસાઈ, નવજીવન, અમદાવાદ 2019, 150 રૂપિયા)**

# રેખા ન. પટેલની સીધી-સરળ પત્રશૈલી

પત્રલેખનની શૈલી હવે વિસરાતી જાય છે. સંદેશાવ્યવહારનાં અનેક ઝડપી સાધનોને કારણે પત્ર લખવાની પળોજણમાં હવે કોઇ પડતું નથી ત્યારે રેખા ન. પટેલ થોડા પત્રો લઇને ઉપસ્થિત થાય છે ત્યારે આનંદ થાય એ સ્વાભાવિક છે. આ પત્રો એમણે એમની પ્રિય પુત્રવધૂઓ અને પ્રિય માનસપુત્રીઓને લખ્યા છે. દરેકને સંબોધીને એક એક પત્ર અહીં સમાવિષ્ટ છે.

માત્ર પોતાની જ પુત્રવધૂઓ નહીં, પણ સગાંસંબંધી કે અન્ય મિત્રોની પુત્રવધૂઓને પણ ઉદ્દેશીને એમણે પત્રો લખ્યા છે. જે પુત્રવધૂનો કોઇ ગુણ એમને સ્પર્શી ગયો હોય એ ગુણનું જે તે પત્રમાં આલેખન જોવા મળે છે. એક રીતે આ ગુણાનુરાગી પત્રો છે, જેની નોંધી વીણા ઉપાધ્યાયે પ્રસ્તાવનામાં લીધી છે. આ પત્રો પાછળ લેખિકાનો હેતુ આવો છે. 'પુત્રવધૂઓ દ્વારા અનુભવેલી લાગણીઓને પત્ર દ્વારા તેમને પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે. જેથી પરિવારમાં આનંદ છવાઇ રહે એટલું જ નહીં પણ અત્યંત ખુશ થઇ જાય.' (પા. 08) આ પત્રોના કેન્દ્રમાં પરિવારભાવના અને એને જોડી રાખતી કડી પુત્રવધૂ છે. એ આનંદમાં રહે તો પરિવાર આનંદમાં રહે એ ભાવના આ પત્રોમાં વ્યકત થઇ છે.





દરેક પુત્રવધૂનું એક બે રેખામાં એમણે વ્યકિતત્વ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. ભત્રીજા વહુ-શાલિનીના પત્રની વિગત જુઓ 'લીલા રંગની વેલી પર, બુટ્ટાથી ભરેલી સાડી પહેરેલી હું કોઇને પણ જોઉં છું ત્યારે તું મને જરૂર યાદ આવે છે.' (પા. 12) કયારેક 'કાજળભર્યા નયનનાં કામણ મને ગમે છે, કારણ નહીં જ આપું, કારણ મને ગમે છે.- કાવ્ય પંકિતઓ દ્વારા કે પછી જાણીતા ફિલ્મી ગીતોની પંકિતઓ દ્વારા વ્યકિતત્વને ઉપસાવ્યું છે. મહારાષ્ટ્રીયન જ્ઞાતિની સુંદર પુત્રવધૂ અદિતિને 'સંસારને તું વેલીની જેમ વીંટળાયેલી રહે એવી શુભેચ્છા...' (પા. 23)- શુભેચ્છાઓ જુદી તરી આવે છે. પોતાનાં સંતાનોનાં સ્વાસ્થ્યની કાળજી પુત્રવધૂઓ બરાબર રાખે છે.એ વાત એકથી વધુ પત્રોમાં વ્યકત થઇ છે.

આ પત્રોનો સૂર સદ્ગુણોની કેળવણીનો રહ્યો છે. એટલે વાતચીતનો સૂર પણ એમાંથી સંભળાય છે. ભાષા અહીં સાદી અને સરળ છે અને એ સાદા શબ્દોમાં જ પત્રવધૂઓ કે પુત્રીનું વ્યકિતત્વ નિખરી ઊઠે છે. પોતે ઉંમરલાયક સારુ હોવાને કારણે લેખિકાનો પત્રમાંથી એવો પ્રભાવક સૂર પણ પ્રગટ થાય છે. શિખામણ અને ઉપદેશ પણ અહીં જોવા મળે છે. પુત્રી સૌમ્યાને એનાં સંતાનો સંદર્ભે ટકોર કરીને ફાધર વાલેસનું પુસ્તક વાંચવાની શિખામણ આપે છે. ગૃહસ્થજીવનમાં સ્ત્રીનું મહત્ત્વ વધારે રહ્યું છે અને એ મહત્ત્વ એક સ્ત્રી સારી રીતે સમજે છે. પોતાની એ સમજ રેખાબહેને અહીં પત્રો દ્વારા વ્યકત કરી છે, જેને એમણે 'મારો અનોખો આનંદ' તરીકે ઓળખાવ્યો છે. **(મારી પ્રિય પુત્રવધૂઓ અને પ્રિય માનસપુત્રીઓને પત્રો..., રેખા ન. પટેલ, નગીનભાઈ પી. પટેલ, સુરત 2023. 55 રૂપિયા)**

## મિતાક્ષર - ઝરમર વરસાદ...

ઝરમર વરસાદ કવિ રમેશ પટેલનો લઘુકાવ્યાનો સગ્રહ છે. આ એમનો 18મો કાવ્યસંગ્રહ છે. આ લઘુકાઓ અગાઉ વિવિધ સામયિકોમાં પ્રગટ થયા હતા. વરસાદને કેન્દ્રમાં રાખીને થયેલી અભિવ્યક્તિમાં ક્યાંક તાજગીનો સ્પર્શ થાય છે. વરસાદ સિવાય પણ અહીં પ્રકૃતિ, શાળા, મંદિર, દીવા વગેરે વિષયો વિશે પણ અહીં અભિવ્યક્તિ જોવા મળે છે. બગાસા ખાતી, શાળા જોયા કરે છે, અહીં રણકતા ઘંટને (પા.નં.05) માં કટાથી જોઇ શકાય છે. વરસાદ વિશેની આ એક અભિવ્યક્તિ પણ માણવા જેવી છે. વરસાદ વરસે છે. કાગળમાં ઊગી નીકળે છે. ઘાસ જેવી કવિતા (પા.નં.08) ધુમ્મસને ધ્યાનમાં રાખીને થયેલી આ કલ્પના જુઓ. રાતે કવિના હૃદયમાં થયેલો ધુમાડો બની ગયો. સવારે ધુમ્મસના (પા.નં.12) જોઇ શકાય છે કે અહીં અભિવ્યક્તિ સહજ અને સરળ છે. કવિ કલ્પનાના આધારે એક ચિત્ર ઊભું કરવા માગે છે અને એ માટે ક્યારેક અલંકાર, દ્દષ્ટાંત




ખપમાં લે છે. આમ કરવાને કારણે બે પરિસ્થિતિઓનો સમન્વય થતાં એક લઘુકાવ્યમાં અનુભવી શકાય છે. રમેશ ભાઈએ આ પહેલા પણ લઘુકાવ્યોનો એકથી વધુ સંગ્રહ આવ્યા છે. ત્રણ-ચાર પંક્તિમાં એક ભાવને પ્રગટ કરવાની એમને ફાવટ છે અને આ સંગ્રહમાંથી પણ એ પ્રતીત થાય છે. અછાંદસ લઘુકાવ્યોના આ સંગ્રહ ઝરમર વરસાદ આસ્વાદ્ય છે.

## વિશિષ્ટ ગ્રંથ કથા-સરિત્સાગર

બાળપણમાં ઘણી બધી કથાઓ એવી હોય છે, કે જે દાદા-દાદી કે કુટુંબનાં અન્ય વડીલો પાસેથી રસપૂર્વક સાંભળી હોય. આવી રસપૂર્વક સાંભળેલી કથાઓ લાંબા સમય સુધી યાદ પણ રહી જતી હોય છે. આ સાંભળેલી કથાઓના મૂળની તપાસ કરીએ તો કયાં તો એ હિતોપદેશમાંથી મળે, કયાં તો એ પંચતંત્રમાંથી મળે અથવા તો કથા-સરિત્સાગર કે સિંહાસન બત્રીસીમાંથી મળે. કથા-સરિત્સાગર કથાઓનો મોટો ખજાનો છે. મહાકવિ સોમદેવ ભટ્ટ દ્વારા આ ખજાનાની રચના કરવામાં આવી હતી. હસુ યાજ્ઞિક` એ ખજાનો ફરી સંપાદિત કરી આપણી સમક્ષ મૂકયો છે. આ સંપાદનમાં મૂળ કથાઓનો સાર આપવામાં આવ્યો છે. આ કથાઓ વિશે હસુ યાજ્ઞિક લખે છે, 'આ ગ્રંથની ખરી ખૂબી તો વાર્તામાં વાર્તા અને તેમાં પણ પેટા વાર્તા, એ પ્રકારની છે. મૂળ વકતા ભગવાન શિવ શ્રોતા માતા પાર્વતી છે. પૃથ્વી પર કથા કથનાર ગુણાઢય છે.' (પા. 04), 18 સંબંકોમાં લખાયેલ લખાયેલો આ ગ્રંથ ખરા અર્થમાં કથાઓનો સાગર છે. એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી આ કથા વિસ્તરતી રહે છે.




શિવ-પાર્વતીના સંવાદ રૂપે કથાપીઠ શરૂ થાય છે અને અંતે ગ્રંથકાર પોતે પોતાની પ્રશસ્તિ કરે છે. એ ઉપરાંત આ કથાનો ઉપસંહાર આપવામાં આવ્યો છે અને ફળશ્રુતિમાં જણાવ્યું છે. 'ભગવાન શિવે બૃહત્કથાને એવું વરદાન આપ્યું કે મારા મુખમાંથી જન્મેલી આ બૃહત્કથા જે કોઇ આદરથી સાંભળશે અને સાંભળીને સ્મરણમાં રાખશે તે અલ્પ સમયમાં પાપથી મુકિત પામી વિદ્વાન થશે અને વિદ્યાધરપણું પ્રાપ્ત કરી શિવલોક પ્રાપ્ત કરશે.' (પા. 340). પ્રાચીન ગ્રંથોની આ વિશેષતા રહી છે, કે ગ્રંથનું માહાત્મ્ય આ પ્રકારની ફલશ્રુતિ દ્વારા પ્રગટ કરવામાં આવે. નાની નાની બોધાત્મક કથાઓ રસપ્રદ હોય છે. એવી કથાઓમાં જેમને રસ પડતો હોય એમને માટે આ મોટો ખજાનો છે.

**(કથા-સરિત્સાગર, સંપાદક હસુ યાજ્ઞિક , ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ. 2017, 600 રૂપિયા)**

## સાહિત્યિક ગતિવિધિ

» અદી મર્ઝબાનની સ્મૃતિને સમર્પિત ભારતીય વિદ્યાભવનની એકાંકી સ્પર્ધા-2024નો પ્રારંભ 8 જાન્યુઆરીથી મુંબઇ ખાતે થઇ રહ્યો છે. ચાર દિવસ ચાલનારી આ એકાંકી સ્પર્ધામાં કુલ 25 એકાંકીઓ ભજવાશે. આ પ્રાથમિક સ્પર્ધામાં પસંદગી પામેલાં એકાંકીઓની અંતિમ સ્પર્ધા 13 જાન્યુઆરીએ ભજવાશે. આ એકાંકી સ્પર્ધા નાટયરસિકો માટે મોટું આકર્ષણ હોય છે.

» 'વારેવા' દ્વારા લઘુકથા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ઓછામાં ઓછા પચાસ અને વધુમાં વધુ સાતસો શબ્દમાં લખવાની રહેશે. આ સ્પર્ધા માટેની અંતિમ તારીખ 31 જાન્યુઆરી છે. 'વારેવા'ની વેબસાઇટ જોવાથી વધુ વિગતોનો ખ્યાલ આવશે.

» ગુજરાતી વિશ્વકોશના મુખ્ય સંપાદક અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના નિર્માણમાં જેમની મુખ્ય ભૂમિકા હતી એ સવ્યસાચી ધીરુભાઇ ઠાકરનું જીવનચરિત્ર લખવા માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ રસ ધરાવનાર લેખકોને નિમંત્રણ આપે છે. રસ ધરાવનાર લેખકોએ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વેબસાઇટનો સંપર્ક કરવો.

» જાણીતા વાર્તાકાર મધુરાય સંપાદિત 'મમતા' સામયિક દ્વારા નિયમિતપણે વાર્તા સ્પર્ધાનું આયોજન થતું રહ્યું છે. 2023ની વાર્તા સ્પર્ધાના ઇનામ વિતરણનો કાર્યક્રમ સાત જાન્યુઆરી, રવિવારે અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં પ્રથમ ત્રણ વિજેતાઓ ઉપરાંત અન્ય પાંચ ઇનામો આપવામાં આવ્યાં હતાં.

## ચર્ચાપત્ર

### હીટ એન્ડ રન એક્સિડન્ટ

રસ્તા પર બેફામ ઝડપે કે ટ્રાફિક નિયમોની અવગણના કરી દોડતાં વાહનો દ્વારા થતાં હીટ એન્ડ રન એક્સિડન્ટ કેસમાં કેન્દ્ર સરકારે આકરી સજાની જોગવાઈ કરવાની સાથે જ દેશભરમાં ટ્રક, બસ જેવા ભારે વાહન ચાલકોમાં વિરોધનો સૂર ઉઠ્યો, હડતાળ પડાઈ અને સરકારે હાલ પૂરતી આ જોગવાઈનું અમલીકરણ સ્થગિત કર્યું છે. જો કે સરકારનો આ જોગવાઈ કરવાનો ઉદ્દેશ વાહન અકસ્માતો અને તેમાંય હીટ એન્ડ રન કેસ ઓછા થાય સાથે સાથે થતાં દેશમાં વાર્ષિક લાખો લોકો (મોટાભાગે યુવાનો !) ના અપમૃત્યુ, કામચલાઉ કે કાયમી અપંગતા અને તેના કારણે જે તે વ્યક્તિ તથા તેના પરિવારજનો પર આવતી શારીરિક, માનસિક, આર્થિક કે સામાજિક પરેશાનીઓ પણ ઓછી થાય તેવો શુભ હોય એમ માની શકાય. સામાન્ય રીતે ચાલતી વ્યક્તિ સાથે સાયકલ અથડાય તો સાયકલવાળાનો વાંક, સાયકલવાળા સાથે મોટરસાયકલ કે અન્ય ટુ વ્હીલર અથડાય તો ટુ વ્હીલરવાળાનો વાંક, ટુ વ્હીલરવાળા સાથે ફોર વ્હીલરનો અકસ્માત થાય તો ફોર વ્હીલરવાળાનો વાંક હોય એમ માનવામાં આવે છે. આજકાલ ઈમરજન્સી હોય કે ન હોય, સતત ચિંતા અને માનસિક તાણ અનુભવતા લગભગ બધા જ વાહન ચાલકો માટે ઝડપી વાહન હાંકવું એક આદત બની ગઈ હોય એમ લાગે છે. તેમાંય ખાસ કરીને ટીન એજર્સ અને યુવાનોમાં ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ, પાછળ આવતાં વાહનની પરવા કર્યા વિના વાહનને અચાનક વાળી દેવાની કુટેવ ( મોટેભાગે પાછળથી આવતું વાહન અકસ્માત રોકવાની કોશિશ કરે તો પણ નાકામયાબ રહે) , આડેધડ ગમે ત્યાં વાહન પાર્ક કરવું, સર્પાકાર ઝડપી વાહન ચલાવવું જેવી બાબતો અકસ્માત થવા માટે કારણભૂત બને છે. માત્ર કાયદા કે આકરી જોગવાઈઓ કરવાથી અકસ્માતો ઓછા થશે કે અટકી જશે એવું લગીરેય માની લેવાની જરૂર નથી. વાહન ચાલકોની સતર્કતા, કાયદા પાલનની જાગરુકતા, ડ્રાઈવિંગની સાચી સમજ અને કટિબદ્ધતા જ સરકારના શુભ આશયને ફળીભૂત કરી શકશે.

**સુરત - મિતેશ પારેખ**

### નોંધારાં થતાં વડીલો

જમાનો એટલો ફાસ્ટ ચાલે છે કે ખમતીધર માતા પિતા પોતાનું બાળક પાછળ તો નહીં પડી જાય. વિદેશના મોહમાં આપણાં જ સંતાનોને વિખૂટાં પાડીએ છીએ. હવે તો ફોરીન જેવી આધુનિક યુનિવર્સિટીઓ વિવિધ કૌશલ્ય પ્રાપ્ત કરી ચૂકી છે. છતાં વિદેશનો મોહ અને વિદેશી કલ્ચરમાં મોહાંધ થયેલ આપણા વડીલો અને સંતાનોના હઠાગ્રહ આગળ નમતું જોખે છે. એક વાર વિદેશમાં સેટ થયા પછી મા-બાપને હવાફેર માટે બોલાવે છે પણ મકસદ બેબી કેર માટે જ બોલાવે છે. જો કે ત્યાંના હવામાન માફક આવતું નથી એટલે બેક ટુ પેવેલિયન. અહીંની પરિસ્થિતિ ઝુરાપો, એકલવાયું જીવન કઠે તો છે, પણ હાથનાં કર્યાં હૈયે વાગે છે.

**સુરત - અનિલ શાહ**

### કાગડા બધે જ કાળા

સામાન્ય માન્યતા પ્રમાણે વિદેશની પ્રજાને પ્રામાણિક અને કૌભાંડોથી મુકત ગણવામાં આવે છે. સમાચાર પ્રમાણે અમેરિકી પ્રમુખ બાઈડેનના પુત્ર હન્ટર પર નાણાંની ગેરરીતિનાં ઘણાં બધા આક્ષેપો છે. લગભગ 1 કરોડ ડોલરની ગેરરીતિ અને ભેગા કરવાનું આરોપનામું છે. હવે તે પુરવાર કરવાનું છે. પુરવાર ત્યાં સુધી હન્ટર ખુલ્લેઆમ ફરે છે. હાલમાં તે પિતા માટે આવનારી ચૂંટણીનાં પ્રચારમાં વ્યસ્ત છે. પરંતુ કોઈ જાહેર ગેરરીતિનાં સમાચાર આવે તે મોટાં તો ના હોય. ભારતમાં તો લગભગ મોટા ભાગનાં નેતાઓનાં સંબંધીઓ, પુત્ર-પુત્રીઓ ગેરરીતિથી નાણાં ભેગા કરવામાં સપડાયેલા જ હોય છે. તે પુરવાર થતાં છતાં તેઓને કોઈ મોટી સજા થતી નથી કે નેતાનો વહિષ્કાર કરવામાં આવતો નથી. બધાં આરામથી, મોજથી રહે છે હરેફરે છે. જોકે વિદેશી પ્રજા કૌભાંડોથી દૂર જ હોય છે. સામાન્ય પ્રજા વ્યવહારમાં ગેરરીતિ કરતી નથી. બહુ લાંબે સમયે ગેરરીતિનાં સમાચાર આવે છે પરંતુ તે પ્રમુખ કે વડાપ્રધાનનાં જ પુત્ર-પુત્રીઓનાં હોય છે. આપણે ત્યાં કૌભાંડો અને ગેરરીતિથી નાણાં કમાવાનું સામાન્ય છે. ભારતનાં નેતાઓના પુત્ર-પુત્રીઓને તો સજા પણ થતી નથી. ઢાંકપિછોડો કરી બધુ સમેટી લેવામાં આવે છે. વિદેશી પ્રજા તો આવા ગુનાને પાપ ગણી તેનાથી સો જોજન દૂર રહે છે. ભારતની પ્રજા તો દુનિયામાં સૌથી વધુ ધાર્મિક ગણાય છે. અને ભગવાનનાં ઓઠા હેઠળ કેટલાં બધાં નાણાં કૌભાંડોમાં ફસાયેલી હોય છે. મંદિરના પુજારીઓ પણ માટે ભાગે આમાંથી બાકાત નથી. જોકે તે લોકોને નૈતિક રીતે બીજી રીતે ઈશ્વર સજા તો કરે જ છે. પરંતુ તે લોકોને લીધે ભારતની સામાન્ય પ્રજા ગરીબીમાં જીવે છે તે કોઈ જોતું નથી. આ સવાલ સરકારનો નથી પ્રજાનો છે ભારતની પ્રજાએ આ માટે ખૂબ ઊંડો વિચાર કરવાની જરૂર છે. ભગવાન સજા કરે તેના કરતાં પ્રજાએ જ સજા કરવી જોઈએ જેથી બીજા પર દાખલો બેસે.

**સુરત - ડૉ. કે.ટી. સોની**

### સાહિત્ય રસ

માનવજાતિના સાંસ્કૃતિક વિકાસની સમજ માટે સાહિત્ય ઉપયોગી છે. જેવી સમાજની પરિસ્થિતિ તે મુજબ સાહિત્યસર્જન થતું રહે છે. સાહિત્ય એ ચિત્ત કોષના તંતુઓને રસમય બનાવે છે. દુનિયાની ઉમદા કૃતિઓથી અનેકનાં જીવન રમ્ય-ભવ્ય બન્યાં છે. કહેવાય છે કે, સ્પંદન, વ્રત-ઉત્સવો, તપ-ત્યાગ, ગમા-અણગમા, આનંદ-અશ્રુ, વૈશ્વિક ઘટનાઓ અને રાજકીય-સામાજિક ક્રાંતિના આવેગો સાહિત્યમાં સહજ રીતે પ્રતિબિંબિત થાય છે. સાહિત્યમાં રસ એટલે સહિત્યકૃતિ વાંચવા,જોવા-સાંભળવાથી થતો અલૌકિક આંનદ. સાહિત્યમાં રસ એટલે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, વિભત્સ, અદ્દભુત અને શાંત રસનું મિશ્રણ હોય છે. આમ સાહિત્ય એ જીવાતું જીવન છે. માનવજીવનનું પ્રતિબિંબ છે. ભાવકને વિવિધ રસનો અનુભવ કરાવવાની શક્તિ સાહિત્યનાં સ્વરૂપોમાં સમાયેલી હોય છે. નાટક, નવલકથા, ટૂંકી વાર્તા, આત્મચરિત્ર, જીવનચરિત્ર , એકાંકી કે કોઈ પણ સ્વરૂપમાં માનવજીવનનું નિરૂપણ જોવા મળે છે. દરેકમાં નવરસનું મિશ્રણ સાથે શબ્દો દ્વારા અનેકવિધ ભાવ પ્રગટ થયેલો હોય છે. સહિત્ય સિવાયની લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, નાટય, શિલ્પ, સ્થાપત્ય અને તસ્વીરકલાનો અણસાર કુદરતમાંથી કોઈ ને કોઈ રૂપમાં મળી રહે છે. સાહિત્ય એવી કલા છે જે માનવનું સર્જન હોઈ સર્જકતા સાથે રસ નિરૂપણ જરૂરી છે.

**નવસારી - કિશોર આર.ટંડેલ**

### જો એ આઠેય જણ ખરેખર જાસૂસ ના હોય તો એમને નિર્દોષ છોડાવવા જોઈએ

ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ આઠ કર્મચારીઓ કે જેઓ નિવૃત્ત થયા પછી કતારની એક ખાનગી સંરક્ષણ કંપનીમાં ઘણા ઊંચા પગારે નોકરી કરતા હતા. કતારની સરકારને લાગ્યું કે તેઓ ઈઝરાયેલને ખાનગી માહિતીઓ આપતા હતા. એટલે એમને આઠ જણને જાસૂસ તરીકે ગણીને કતારની એક કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. ભારત સરકારની શરમ અને દરમ્યાનગીરીથી એ આઠેયને ફાંસીની સજામાંથી મુકિત આપીને ત્રણ વર્ષથી માંડીને પચીસ વર્ષ સુધીની સજા કરવાના અહેવાલો બહાર આવ્યા છે. આ સજામાંથી હવે કતારની એ એપેલેટ કોર્ટ ફરીથી વિચારીને આવી સજામાં કશોક ઘટાડો કરે છે કે કેમ એ જોવાનું રહ્યું. હવે સવાલ એ ઊઠે છે કે આ નૌકાદળના નિવૃત્ત અધિકારીઓ કતારમાં ભલે નોકરી કરતા હતા. પણ એમને આવી કતાર જેવા મુસ્લિમ રાષ્ટ્રની જાસૂસી કરવાનું એમને કોણે કહ્યું હતું? શું ભારતના જાસૂસી ખાતાએ એમને આવી જાસૂસી કરવાનું કહ્યું હતું? કે પછી વધુ પૈસા મેળવવાની લાલચે એ અધિકારીઓ ભારતની જાણ બહાર જાસૂસી કરતા હતા? કતારમાં નોકરી કરનારાઓને ત્યાંના કાયદાઓનું શું ભાન નહિ હોય? અન્ય દેશ સાથે જોડાઈને જાસૂસી કરવાની હિંમત જ આ ભારતીય માજી નૌકાદળના અધિકારીઓને કઇ રીતે આવી? કે પછી માત્ર કશીક ધડમાથા વગરની માહિતીને આધારે શંકાના દાયરામાં ખડા કરીને આવી સજા ફટકારવામાં તો નથી આવી ને? ખબર છે ને કે એક ભારતીય યુવાન જાદવને જાસૂસ સમજીને પાકિસ્તાન સરકારે એના તાબામાં કેદ નથી કરીને રાખેલો? વાત એમ જ છે કે ખાસ કરીને મુસ્લિમ રાષ્ટ્રોમાં ગુનાઓ સબબ ખૂબ જ આકરી સજાઓ થતી હોય છે. માટે ત્યાં ભારત જેવા દેશમાંથી નોકરીએ જનારી વ્યકિતઓએ ખૂબ જ સંભાળીને ત્યાં રહેવું જોઈએ. પેલા આઠ અધિકારીઓ જો ખરે જ નિર્દોષ હોય તો હજુ પણ ભારત સરકારે કતારના શેખ સાથે નમ્ર ભાવે ચર્ચા કરીને એમને છોડાવીને ભારત પરત લાવવા થાય એટલું કરી છૂટવું જોઈએ.

**સુરત - બાબુભાઈ નાઈ**